# કેસ સ્ટડી – સેરેબ્રલ પાલ્સી



નામ : નવીશા લક્ષ્મણભાઇ રોશિયા
માતા : અનીલાબેન રોશિયા
જન્મ : ૨૫-૧૧-૨૦૧૧
કરાંચી, પાકિસ્તાન
હાલ: અમદાવાદ

મારા લગ્ન પછી અમે પાકિસ્તાનના કરાંચી શહેરમા અમે રહેતા હતા. થોડા વર્ષો પછી મને સારા દિવસો રહેતા પરિવારમાં ખુશીની લહેર ફરી વળી. મારા પતિ અને કુટુંબીજનો કાગડોળે બાળકના આવવાની રાહ જોતા હતા. નવ મહિના પૂરા થયા પછી તા.૨૪-૧૧-૨૦૧૧ ના રોજ  દુખાવો થતા ડોક્ટરને બતાવવા ગયા તો તેમણે હોસ્પિટલમાં એડમીટ થવાની સલાહ આપી અને  પૂરા બે દિવસ સુધી નોર્મલ ડીલીવરી માટે રાહ જોઇ. છેવટે તા. ૨૫-૧૧-૨૦૧૧ ના સાંજ પછા ઓપરેશનથી બાળકી – નવીશાનો જન્મ થયો.પરિવારના સભ્યો નાની ઢીંગલીને જોઇને ખૂબ ખુશ થઇ ગયા. પરંતુ જન્મ પછી ૬-૭ કલાક પછી બાળકી રડી હતી. ૪ દિવસ સુધી NICU માં રાખવી પડી હતી, તે દરમ્યાન તેને ખેંચ પણ આવી હતી.

હું અને મારા પતિ તથા ઘરનાં બધા સભ્યો ખૂબ ખુશ હતા. અને નવીશા ઘરમાં ભાંખોડિયા ભરશે અને બધુ વેરવિખેર કરશે અને તેની કાલીઘેલી બોલી સાંભળવા માટે ઉતાવળા થવા લાગ્યા હતા. પણ કુદરતને અમારી આ ખુશી મંજૂર ના હતી. નવીશા નવ મહિનાની થઇ ત્યાં સુધી તેનો વિકાસ ખૂબ આછો થયો.બાળકોનાં ડોક્ટરને બતાવતા તેમણે નવીશા સેરેબ્રલ પાલ્સી હોવાનુ જણાવ્યું અને નિયમીત કસરત કરાવવાની સલાહ આપી.



કરાંચીમાં કસરત માટે કોઇ સારી સુવિધા ન હતી. બે – ત્રણ કિલોમીટર ચાલીને કસરત કરાવવા જવું પડતું. ઘણી તકલીફોનો સામનો કરીને પણ હું ૩ કીમી ચાલીને નવીશાને નિયમીત કસરત કરાવવા લઇ જતી. પણ કોઇ ફરક પડતો ન હતો. ત્યાં કસરત કરાવવા આવતા એક બહેન પાસેથી સાંભળ્યું કે ગુજરાતમાં અમદાવાદમાં સેરેબ્રલ પાલ્સી બાળકોને સારી સારવાર મળે છે. બસ પછી તો નવીશાના પપ્પાએ તેમની લાડકી દિકરીના ભવિષ્ય માટે તાત્કાલિક અમદાવાદમાં જ સ્થાયી થવાનો નિર્ણય લઇ લીધો અને અમે અમદાવાદ શીફ્ટ થઇ ગયા.નવીશાના પપ્પાને કાલુપર માર્કેટમાં એક ખાનગી પેઢીમાં માસિક રૂ.૭000/- ના પગારથી નોકરી મળી ગઇ અને અમે ભાડાનાં ઘરમાં રહીને એક ખાનગી ફીઝીયોથેરાપી સેન્ટરમાં રોજનાં ૨00/- રૂ.ફી આપીને નવીશાની સારવાર શરુ કરી દીધી.પરંતુ આ કારમી મોંઘવારીમાં એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થતિમાં ટૂંકા પગાર અને મકાન ભાડા તથા ઘરનાં બીજા ખર્ચામાં રોજનાં ૨00/- રૂ. ક્સરતનાં ખૂબ આકરા લાગતા હતા. અમે બંને પતિ-પત્ની દરરોજ ભગવાનને, અમારી નવીશાને અમને પોષાય તેવી રીતે તેની સારવાર કરાવી શકીએ તેવો કોઇ રસ્તો સુઝાડવા પ્રાર્થના કરતાં.

અંતે ભગવાને મારું સાંભળ્યું અને નવીશા જેવા જ એક બાળકનાં વાલી પાસેથી વાડજમાં આવેલા રેડક્રોસ સંસ્થાનાં સેરેબ્રલ પાલ્સી વિભાગ વિષે જાણવા મળ્યું. અને ૧૭-૧૧-૨૦૧૪ થી અમે રેડક્રોસમાં તેની સારવાર શરુ કરી.




અમે રેડ ક્રોસનાં અધિકારી સાહેબોના ખૂબ જ આભારી છીએ જેમણે અમારી આર્થિક પરિસ્થિતિ જોઇને રોજનાં માત્ર ૨0/- રૂપિયામાં જ બે કલાક સુધી બધી સારવાર આપવાનુ નક્કી કર્યું.રેડ ક્રોસમાં રોજે બાળકોને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવે છે. સારવાર શરુ કર્યાના માત્ર એક અઠવાડિયામાં જ નવીશાનો જન્મ દિવસ આવતા સેરેબ્રલ પાલ્સી વિભાગનાં ડો. શીતલબેન મોદી તથા ડો. પ્રણવસિંહ પરમારે  તેની સરસ રીતે ઉજવવાની વ્યવસ્થા કરી તેમજ તેને સુંદર ભેટ પણ આપવામાં આવી. અંહીયા સેરેબ્રલ પાલ્સી બાળકો માટે દરેક તહેવારો તથા બધા બાળકોનાં જન્મ દિવસની સુંદર ઉજવણી કરવામાં આવે છે તેમજ બાળકોને નાસ્તો તેમજ સુંદર ગીફ્ટ પણ આપવામા આવે છે.ઘર જેવું જ વાતાવરણ લાગે છે.

રેડ ક્રોસમાં સારવાર શરુ કર્યા પછી માત્ર છ જ મહિનામાં નવીશા બેસતા પણ શીખી ગઇ અને તેનું માથું પણ જે વારંવાર પડી જતું હતું તે પણ સરસ થઇ ગયું.તેના માટે અમે રેડ ક્રોસનાં ડોક્ટરોનાં આભારી છીએ.